**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે આજ રોજ સુરતમહાનગરપાલિકા હદ વિસ્તાર હેઠળનાં તમામ સ્લમ વિસ્તારો મળી કુલ ૨૬૮૮ પ્રિમાઈસીસો સર્વે કરાતા તમામ સ્લમ વિસ્તારોને કુલ મળી ૧૫૫ નોટીસો આપવામાં આવેલ અને ૩૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલઃ–**

**કામગીરીની વિગતોઃ–**

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૨૨/૦૭/૨૦૨૧ દરમ્યાન વીબીડીસી વિભાગના કર્મચારીઓએ સુરતમહાનગરપાલિકાના હદ વિસ્તાર હેઠળની તમામ સ્લમ વિસ્તારો નું સર્વે કરવામાં આવેલ છે. જે અંગેની **આજ રોજ ઝુંબેશ અંતર્ગત તમામ સ્લમ વિસ્તારો મળી કુલ ૨૬૮૮ સ્થળોએ કુલ ૩૧૫૩૮ સ્પોટ ચેક કરી કુલ ૧૮૪ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ અને ૩૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ તમામ સ્લમ વિસ્તારોના ૧૫૫ જવાબદાર ઈસમોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે.**

**સેન્ટ્રલ ઝોનમાં** તમામ સ્લમ વિસ્તારોનાં ૧૭૮૯ સ્થળો ચેક કરતા મીરાબિકા ગાંધી બાગ પાસે ૧૦૦૦/–, બેગમપુરા વિસ્તારમાંથી ૫૦૦/– કુલ મળી ૧૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૫૦ નોટીસ આપવામાં આવેલ છે. **સાઉથ ઝોન**માં તમામ સ્લમ વિસ્તારોના કુલ ૪૪ સ્થળો ચેક કરાતા જય જવાન જય કિસાનનગર ૧૦૦૦/– ગોવાલકનગર ૩૦૦/–, માલધારી વસાહત,૨૦૦/ –, કુલ મળી ૧૫૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૨૨ નોટીસ આપવામાં આવેલ છે. **ઈસ્ટ–એ ઝોનમાં** તમામ સ્લમ વિસ્તારોના મળી કુલ ૩૭ સ્થળો ચેક કરતા ઉધરૈસભૈયાની વાડી ૨૦૦ /– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૧૮ નોટીસ આપવામાં આવેલ છે. **સા–ઈસ્ટ ઝોનમાં** તમામ સ્લમ વિસ્તારોનાં કુલ ૩૯ સ્થળો ચેક કરતા ૧૫ નોટીસ આપવામાં આવેલ છે. **નોર્થ ઝોનમાં** તમામ સ્લમ વિસ્તારોના મળી કુલ ૨૯ સ્થળો ચેક કરાતા ૨૫ નોટીસ આપવામાં આવેલ છે. **ઈસ્ટ–બી ઝોનમાં** તમામ સ્લમ વિસ્તારોનાં કુલ ૩૧ સ્થળો ચેક કરાતા કુલ ૧૦ નોટીસ આપવામાં આવેલ છે. **વેસ્ટ ઝોનમાં** તમામ સ્લમ વિસ્તારોનાં કુલ ૧૯ સ્થળો ચેક કરાતા ૮ નોટીસ આપવામાં આવેલ છે. **સા–વેસ્ટ** ઝોનમાંથી તમામ સ્લમ વિસ્તારોના મળી કુલ ૭૦૦ સ્થળો ચેક કરતા ૭ નોટીસ આવેલ છે.

**આમ,ઝોન વિસ્તારોમાંથી તમામ સ્લમ વિસ્તારોના મળી કુલ ૨૬૮૮ પ્રિમાઈસિસો સર્વે કરાતા ૩૧૫૩૮ સ્પોટ ચેક કરી તમામ સ્લમ વિસ્તારોના ૧૫૫ નોટીસ આપવામાં આવી અને કુલ ૧૮૪ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે તથા ૩૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૬૨૪
તા. ૨૨–૦૭–૨૦૨૧